





‘ભીડ’નો ભાંગ્યો-ભ્રમ વ્યથા શરૂ થઇ ગઇ છે,
‘ખોટા અહેવાલો’ની કથા શરૂ થઇ ગઇ છે,
ઉઠે આસ્થા, ગૂંચવાય ગાથા, પ્રચાર-ગુબ્બારે -
પક્ષને દોષ દેવાની, પ્રથા શરૂ થઇ ગઇ છે!
(ભાજપા - ચૂંટણી ચિંતન બેઠક)




સંડોવણીમાં
માર ખાઇ જાય છે -
રડે ‘પ્રભા’-વ..

ગ્રાંટ દઇને
ભીડવે સામસામે
ભરાવે ગુડા

## ચિંતન

**ભ્રમત્સં પૂજ્યતે ચક્રં ભ્રમન્સં પૂજ્યતે દ્વિજઃ ।**
**ભ્રમત્સં પૂજ્યતે રાજા સ્ત્રી ભ્રમન્તી વિનશ્યતિ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ ‘સામાન્ય નીતિ’નો આ શ્લોક છે :

ઉદ્યોગોનું વ્યવસ્થાનું, તંત્રનું કે મંત્ર-મશીનરીનું ચક્ર ચાલતું જ રહે, અર્થાત એની પ્રક્રિયા ચાલતી જ રહે, નિયમિત રહે તો તે પ્રશંસાને પામે છે.

બ્રાહ્મણ પણ પોતાની કર્મકાંડ અને કથા વાર્તાના જ્ઞાનનો પ્રચાર કરવા ફરતો રહે તો માન-સન્માનને પાત્ર બને છે. (આર્થિક લાભ પણ થાય છે.)

રાજા પણ, લોક સંપર્ક માટે રાજયમાં ફરતો રહે તો લોકસંપર્ક સાથે રાજયનું વ્યવસ્થાતંત્ર બરાબર ચાલે છે. લોકમેળા-ઉત્સવો-ગરીબ કલ્યાણ મેળા વગેરેને કારણે લોકસમૂહનો સારો સંપર્ક-પરિચય થાય છે, પરિણામે લોકહૃદયમાં રહી રાજા આદર પામે છે.

પરંતુ, જો ઘરની સ્ત્રી, ગૃહિણી, જયાં-ત્યાં ભટકતી રહે જાહેરસેવા અને રાજકારણમાં પડી જાય તો જાતે અને ઘરસંસાર નાશ પામે છે.

ધંધો ચાલતો રહે નિયમિત તેના પર ધ્યાન આપવું પડે એમાં રજા-વેકેશન-આરામ રહે તો ધંધાનું ચક્ર અટકી જાય, બ્રાહ્મણ ઘરમાં સૂતો પડયો રહે તો લોકો તેની વિદ્વતા જાણી ન શકે અને રાજાનો લોકસંપર્ક પણ જરૂરી છે.

સ્ત્રીએ પોતાના સંસાર-વ્યવહારની મર્યાદા સાચવી જાહેર જીવનમાં પડવું જોઇએ.

## સુવિચાર

- આપણે જે ચરિત્રનું નિર્માણ કરીએ છીએ એ જ કાયમ આપણી સાથે રહે છે, જયાં સુધી આપણનો આત્મા સાક્ષાત્કાર ન પામે ત્યાં સુધી - **ડો. રાધાકૃષ્ણન**
- દુર્બળ ચરિત્રવાળી વ્યક્તિ નેતર જેવી હોય છે, જેમ પરિસ્થિતિ વાળે તેમ વળી જાય છે- **માઘ**
- સમાજ ઉચ્ચ પ્રકારના દર્શનશાસ્ત્રીઓથી નહીં પણ વ્યક્તિગત ચરિત્ર પર આધારિત છે - **ચૈનિંગ**
- જો હું મારા ચરિત્રની સંભાળ રાખીશ તો પ્રતિષ્ઠા મારી સંભાળ રાખશે - **ડી.એલ.મૂડી**
- દુષ્ચારિત્ર્ય માણસ કોલસા જેવો છે, એ ગરમ હોય તો દઝાડે, ઠંડો હોય તો હાથ કાળા કરે - **હિતોપ્રદેશ**
- શિક્ષણ-તાલીમ-કેળવણી કરતાં ‘ચારિત્ર્ય’નું ઘડતર થવું જોઇએ - **સ્પેનસર**
- શુભ ચરિત્ર વિનાનું કેવળ બૌધિક જ્ઞાન ધરાવતું શરીર સુગંધિત શબ સમાન છે- **ગાંધીજી**

## બોધકથા

આપણે આજના જમાનાને, આજની પેઢી, યુવાનોને તેમનાં વર્તન અને સંસ્કારને દોષ દઇએ છીએ પણ તેના પાયાના મૂળમાં કે કારણમાં તો આપણે-આપણી પેઢીઓ જ છે.

ચીનના મહાન તત્ત્વચિંતક કોન્ફ્યુશિયસ પાસે એક ખેડૂત આવ્યો અને એક ટોપલીમાં ફોફ્લી સડી ગયા જેવી મકાઇનો ઢગલો કરી કહ્યું, મહાત્માજી! મેં ખેતરમાં ખૂબ ખાતર-પાણી-મહેનત રેડી આ મકાઇ વાવી હતી પણ તેમ છતાં ય આવી સડેલી મકાઇનો પાક કેમ ઉતર્યો? આમાં દોષ કોનો?

કોન્ફ્યુશિયસે કહ્યું - જો ભાઇ સારાં શાકભાજી ઉગાડવાં હોય તો બે-ત્રણ માસ પહેલાં સારાં બીજની કાળજી લઇ ઉગાડવાં પડે! સારાં ફળ ખાવાં હોય તો ચાર-પાંચ વર્ષની કાળજી લેવી પડે, સારાં સંતાન પ્રાપ્ત કરવા ચારિત્ર્યવાન-મૂલ્યોવાળાં-સંસ્કારની પેઢીઓની પરંપરા જરૂરી છે એને માટે સદીઓ જોઇએ...

તું પણ મકાઇના સારાં બીજ વાવ અને બે-ત્રણ પાક સુધી એમાંથી પણ સારી સારી મકાઇ ચૂંટી ફરી એની વાવણી કર, આમ બીજે-ત્રીજે વર્ષે તને ઉત્તમ મકાઇનો પાક મળશે.

ખેડૂત સલાહ મુજબ મહેનત કરી સારો પાક લીધો.. બોલો! આજની પેઢી માટે હવે કકળાટ કરશો?!

## આપણી આસપાસ ગમે તે થયા કરે પરંતુ જો આપણે ઇચ્છીએ તો એમાંથી પણ ખુશ થવા જેવું કંઇક તો મળી રહે, આ માટે જરા દૃષ્ટિ જ કેળવવાની જરૂર છે, મનમાં આવો વિચાર રોપાયો હશે તો આનંદનો અનુભવ હાથવગો જ છે

### લાગણીનો મેળો

- રસિક આર. વાળંદ ‘નિર્ઝર’

કાળના ઘેરા તિમિરમાં તગતગે આ જિંદગી,
આસમાન તૂટી પડે પણ ના ડગે આ જિંદગી.
ભીંતમાં ચણતો રહે જાલિમ જમાનો તે છતાં,
ધૈર્યની તિરાડમાંથી ઝગમગે આ જિંદગી.

પાનખરમાં પાંદડા વગરનાં બોડાં વૃક્ષો જોઇ અંતર અકળાતું હતું. સૂકી જણાતી ડાળીઓ આંખોને ખૂંચતી હતી. છેક પાસે જઇ મેં જોયું તો એકદમ સૂક્ષ્મ અંકુરો ફૂટું ફૂટું થતા હતા. ને મને સંસ્કૃત કવિ કાલિદાસની એ પંક્તિ યાદ આવી ગઇ, ‘પીળાં પાંદડાં ખરી પડીને લીલી કૂંપળો માટે જગા કરે છે.’ મારું હૈયું આનંદથી છલકાઇ ગયું.

આપણી આસપાસ ગમે તે થયાં કરે પરંતુ જો આપણે ઇચ્છીએ તો એમાંથી પણ ખુશ થવા જેવું કંઇક તો મળી રહે. આ માટે જરા દૃષ્ટિ જ કેળવવાની જરૂર છે, મનમાં આવો વિચાર રોપાયો હશે તો આનંદનો અનુભવ હાથવગો જ છે.

આર્થિક સંકડામણ કે બિમારીથી કંટાળીને આપઘાત કરી બેસતી વ્યક્તિના સમાચારો વાંચવા મળે છે, તો બીજી તરફ લકવાગ્રસ્ત કે અસાધ્ય રોગ સામે ખુમારીભેર ઝઝૂમતા વ્યક્તિને મળીએ ત્યારે એ વાતની પ્રતીતિ થાય છે. આ ભવ્ય જગતમાં જીવતા રહેવાનો પણ એક આનંદ છે મિત્રો! આ સત્ય પર એકાગ્ર ચિત્તે ચિંતન કરવા સમય કાઢીએ. હમણાં એક સુવાક્ય નજરે ચડ્યું, ‘નિર્ભય બનો ઔર હર હાલત મેં મસ્ત રહો’ નાની અમથી ક્ષુલ્લક બાબતોથી કણસતો વ્યક્તિ આ વાક્યને સંદેશ ઝીલે તો દુ:ખી થવાનો વારો જ ન આવે.

મારો ભાષાનો તાલીમ વર્ગ ચાલતો હતો. વાતાવરણ સાવ ગંભીર હતું. ત્યાં એક શિક્ષક પ્રવેશ્યા એમનો ચહેરો એટલે ચેતનાની ચિનગારીઓ, આંખોમાં આનંદના ફુવારા ઊડે. થોડી જ ક્ષણમાં વાતાવરણ બદલાઇ ગયું. જાણે આનંદનું એક મોજું આવી ગયું ન હોય!!

આ સાવ સરળ જણાતી આનંદ પ્રાપ્તિની વાત આપણ સૌને મુશ્કેલ કેમ લાગે છે? મારા મતે આપણી અંદર આનંદથી એટલે બહાર પ્રગટતો નથી. અને એ બહાર જોવા મળતો નથી એટલે રહ્યો રહ્યો આનંદ પણ સૂકાઇ જાય છે.

દોસ્તો, એક નાનકડી વાર્તા યાદ આવે છે.

“એક માણસનું જીવન ઝેર થઇ ગયું. આશાનું એક નાનકડું કિરણ પણ કયાંક નજરે ચડતું નહોતું. એને થયું કે આ જીવનનો અંત લાવ્યે જ છૂટકો. શહેરની વચ્ચેથી રેલવે પસાર થાય ત્યાં જઇને ગાડી આવે ત્યારે પાટા પર પડતું મૂકવાનું તેણે નક્કી કર્યું.

પણ ઘેરથી નીકળતાં બીજો પણ એક સંકલ્પ તેણે કર્યો કે, રસ્તામાં જે માણસો મળે તેમાંથી એકાદ પણ જો એના તરફ જોઇને જરા સ્મિત કરે, એ સ્મિત વડે એનાં અંતરમાં લગીર હૂંફ પ્રગટાવે, તો મરવાની યોજના પડતી મૂકીને ઘેર પાછા ફરી જવું.

... હવે એ વાતને ત્યાં રાખીએ, એ માણસનું પછી શું થયું. એ જવા દઇએ પણ એક સવાલ થાય છે : એ માણસ ઘેરથી નીકળ્યો પછી, રસ્તામાં કદાચ તમે જ એને સામા મળ્યા હોત તો? - બોલો, એનું શું થાત? ત્યાંથી ઘેર પાછા ફરવાનું કારણ તમે તેને આપી શક્યા હોત? જરા વિચારી જોજો!”

આ વાર્તા વાંચ્યા પછી નક્કી કરો કે આજે સવારથી મને જે કોઇ મળે તેનું સસ્મિત સ્વાગત કરવું. અજાણ્યાને પણ સ્મિત આપવું. પછી જુઓ સ્મિતનો જાદુ - એક દીવડો અનેક દીવડા પેટાવી શકે છે કે નહીં?!!

**- : સ્પર્શમણિ : -**

“પ્રત્યેક પળે સતત સમર્પણ કરો. સારું તેમ જ નરસું બન્નેનું. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો, શુભચિંતન સિવાયના સર્વ આગ્રહ છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના તે ખૂબ પ્રેમપૂર્વક કરો.”

**- શ્રી મોટા**

**મો. ૯૯૧૩૪૨૬૯૪૯**

## પરિસ્થિતિ સાનુકૂળ હોય કે પ્રતિકૂળ... દૃઢસંકલ્પિત મન ચમત્કારો સર્જી શકે

### શક્તિનું કયું સ્વરૂપ સમાજને ઉપકારક છે?

- હર્ષદ પ્ર. શાહ

માણસ શક્તિનો ભંડાર છે. એની પાસે તનની, મનની, ધનની... શક્તિ જ શક્તિ છે. શારીરિક શક્તિ ધરાવતો માણસ કોઇ નબળાને સતાવે એમાં એની શક્તિની મહત્તા નથી પણ કોઈ બહેનના શીલનું રક્ષણ કરવા મેદાનમાં ઊતરે એમાં એની શક્તિની મહત્તા છે. મન બુધ્ધિ અને વિચારનું કેન્દ્ર છે. દૃઢ મનોબળ ધરાવતો એક માણસ RDX ની હેરાફેરી કરી સમાજને નુકશાન પહોંચાડે છે તો બીજો માણસ ઉઘાડા પગે ઝૂંપડીઓમાં ફરી દીન-દુઃખીઓની સેવા કરે છે. સત્ય અને અસત્યનો ભેદ પણ મન સમજે છે. સારા-નરસાનો ભેદ પણ મન પારખે છે. અહંકાર અને વિનમ્રતાના ભાવનો જન્મ પણ મનપ્રદેશમાં જ થાય છે. અનેક પ્રકારની સારી અને ખરાબ શક્તિઓનું કેન્દ્ર છેવટે મન જ છે.

જૈન શાસ્ત્રોમાં બાહુબલિનું વર્ણન આવે છે. ખૂબ શક્તિશાળી. અહંકાર અને મહત્ત્વાકાંક્ષાનો ઉન્માદ એમના મન પર છવાયેલો હતો. એમને ખૂબ કઠોર તપશ્ચર્યા કરી હતી પણ એમનો અહંકાર ઓગળ્યો ન હતો. સાધના ખૂબ કરી પણ શાંતિ ન મળી. એમની બહેને બાહુબલિને ઉદાસ જોયા. તે તેમની અસફળતાનું કારણ જાણી ગઈ. તેણે આવીને કહ્યું કે હાથીની પાલખીમાંથી નીચે ઊતરો અને સમજુ લોકોની જેમ જમીન ઉપર ચાલો.

આ કથનનો મર્મ બહેને સમજાવ્યો કે અહંકાર છોડો, આકાંક્ષાઓમાંથી છુટકારો મેળવો. એના વિના સાધનામાં સફળતા નહીં મળે.

બાહુબલિએ એ પ્રમાણે કર્યું અને તેઓ થોડા સમયમાં સિધ્ધપુરૂષ બની ગયા.

શક્તિ અહંકારમાં નહીં, નમ્રતામાં છે.
શક્તિ દાવપેચમાં નહીં, પરાક્રમમાં છે.
શક્તિ સાધનમાં નહીં, સાધનામાં છે.
શક્તિ મહત્ત્વાકાંક્ષામાં નહીં, સેવાની આકાંક્ષામાં છે.
શક્તિ સૈન્યમાં નહીં, પ્રજાની રાષ્ટ્રભાવનામાં છે.
શક્તિ ભોગમાં નહીં, ત્યાગમાં છે.
શક્તિ સત્તામાં નહીં, સંસ્કારમાં છે.

શક્તિ છુપાયેલી છે અસંખ્ય કેન્દ્રોમાં! આવાં કેન્દ્રોનાં દ્વારે ખોલવાં જોઇએ.

પ્રકૃતિ પોતે એક મહાન શક્તિ છે... તેમ માનવની પ્રત્યેક કૃતિ માનવની શક્તિ છે. પ્રકૃતિ ત્રિગુણમયી છે. સત્ત્વ, રજસ્ અને તમસ્ એનાં ત્રણ આયામો છે. એ ત્રણે આયામો સાત્ત્વિક, રાજસિક અને તામસિક - એમ ત્રણ પ્રકારની શક્તિ નિર્માણ કરે છે. જલકમલવત્ રહી, પ્રજાને પુત્ર માની એનું પાલન અને પોષણ કરનારા મહારાજા જનક વિદેહી સાત્ત્વિક શક્તિનું સુંદર ઉદાહરણ છે. મહાઅમાત્ય ચાણક્યના સત્યનિષ્ટ જીવનમાં છત્ર નીચે પાંગરેલ રાજા ચંદ્રગુપ્ત મૌર્યનું શાસન સુંદર રાજસિક શક્તિનું ઉદાહરણ છે. પ્રાગ્જયોતિષપુર - કામરૂપ (આસામ) ના રાજા નરકાસુરની સોળ સોળ હજાર સ્ત્રીઓને વાસનાની કેદમાં બંની બનાવીને રાખવાની પ્રક્રિયા તામસિક શક્તિનો પરાકાષ્ઠા છે. આમાંથી સમાજને શું ગમે છે? સમાજને શું ઉપકારક છે? સમાજ કોને આવકારે છે? એનો ઉત્તર બહુ અઘરો નથી. જે શક્તિ સમાજજીવનાં મૂલ્યોને ધબકતાં રાખવાનું બળ પૂરું પાડે છે એને જ સમાજ આવકારે છે.

શક્તિ તો કંસ પાસે પણ હતી... પરંતુ સમાજે કયારેય એની પ્રશંસા નથી કરી. એને હણનાર કાનુડો જ સમાજનું આરાધ્ય છે.

શક્તિ તો રાવણ પાસેય હતી... દેવો પણ એની પાસે લાચાર હતા. પણ આપણા સમાજના એકેય પરિવારના બાળકનું નામ રાવણ કોઇને પાડ્યું હોય એવું જાણવામાં નથી. રાવણનો સંહાર કરનાર રામ જ જનહૃદયની જયોતિ છે..

શક્તિ તો હિટલર પાસે પણ હતી પણ સમસ્ત વિશ્વે એકી અવાજે એને નકારી કાઢી છે.

આપણી ભૂમિનો સમાજ અને સમસ્ત વસુંધરાનો સમાજ ખરેખર સુજ્ઞ છે, શ્રેષ્ઠ વિવેકબુધ્ધિ ધરાવે છે... નકારાત્મક શક્તિની પૂજા કયારેક એણે કરી નથી. સકારાત્મક શક્તિ જ પૂજનીય બની છે.

(અનુસંધાન પાના નં. ૭ પર)

## સમાજને પોતાનાથી થતું વધુ ને વધુ આપવાની ઉમદા ભાવના દર્શાવતા આ કવિએ ચોપન વર્ષની વયે એસ.બી.આઇ.માંથી નિવૃત્તિ લીધી છે પણ અગણિત પ્રવૃત્તિઓ છોડી નથી

### મોંઘેરા મોતી

- નટવર આહલપરા

### શિશુકાવ્યોના ઉમદા સર્જક

ઉમાકાંત રાજયગુરુ જિતુ ત્રિવેદી વિશે ઉમેરે છે...

‘રે વાહ!’ ના કાવ્યો માણતાં-માણતાં ભાષા શિક્ષણ ભણતાં-ભણતાં મને લાગ્યું કે, આ તો હું જ ભણાવી રહ્યો છું! એટલે જ મને ‘હું’ મળ્યાનો આનંદ થયો.

આપણે ત્યાં શાસ્ત્રીય ગ્રંથો લખનારા બહુધા લલિત સાહિત્ય સર્જનારાં નથી અને લલિત સાહિત્ય સર્જનારાં શાસ્ત્રીય ગ્રંથો લખનારા હોતાં નથી. અહીં તો કાવ્ય-એમાંયે બાળકાવ્ય સાથે વ્યાકરણીય ભાષા શાસ્ત્રીય સ્પર્શ! અને છતાં કાવ્ય મરે નહીં! ગમ્યું. સોનું અને સુગંધ બંને મળ્યાંનો આનંદ થયો. એમાંયે જિતુભાઇ પોતે વ્યવસાયે શિક્ષક ન હોવા છતાં નાની બાબતો એમનાં ધ્યાનમાં આવી છે અને સરસ રીતે સમજાવી પણ છે.’

મને કહેવાનું મન થાય ત્યારે કહું છું... ચાણક્યના બુલંદ શબ્દો ‘શિક્ષક કયારેક સાધારણ હોતો નથી.’ છતાંયે એમ કહી શકાય કે, કોઈ કારણોસર ઠેર ઠેર શિક્ષકોનું આંતરિક હીર નબળું પડ્યું છે. આ હીરને ઢંઢોળવાનો, ઝળકાવવાનો, હકારાત્મક શિક્ષણ સંસ્કાર સભર પ્રયોગ કવિ અને શિક્ષણપ્રેમી જિતુ ત્રિવેદીએ ‘રે વાહ!’ પુસ્તક પ્રાગટ્ય દ્વારા આશીર્વાદરૂપ કર્યો છે.

આંગણવાડી, પ્રિ.પી.ટી.સી. તથા પી.ટી.સી.માં આ પુસ્તક હજારો શિક્ષકો માટે સંઘેડા સમાન છે. વળી, બાળકાવ્ય સર્જન કરવા ઉત્સુક સહુ માટે બાળકાવ્યોના વિવિધ લયની સમજ અને શબ્દના વિશિષ્ટ ઉચ્ચારોની સમજણ પ્રત્યેક કાવ્યની સાથે-સાથે દર્શાવવામાં આવી છે.


આજે મનોરંજન મીડિયામાં જયાં જુઓ ત્યાં છત; પણ બાળ ઉત્થાનમાં સર્વત્ર દુષ્કાળ, ખારોપટ છે ત્યરે જિતુ ત્રિવેણી ધોધમાર વરસ્યા છે.

કવિ શિક્ષણ પ્રેમી જિતુ ત્રિવેદી શું કહે છે... ઘણાં સર્જકોને થયું હોય છે તેમ મનેય મારા મીઠા-મીઠા જીવન પ્રસંગો વિશે લખવાનું મન થયા કરે. અંગત અનુભવો અને પ્રયોગો મને વ્યક્તિગત ને સામાજિક ઘડતરની સૂક્ષ્મ બાબતો વિશે લખવા કહે; પણ સહજ સ્ફૂરતા સર્જનના આકર્ષણોમાંથી દૂર થવું ન બને. ગઝલો લખાય, લેખ લખવાનું થાય, બાળગીતો પર જોર કરી જાય. બાળગીત લેખન પછીની તેની આસપાસની અનેક સંભાવનાઓ પણ મને વિચાર વ્યસ્ત રાખે. એવું જ કંક પુસ્તકનું છે ‘રે વાહ!’

પુસ્તકના પ્રથમ વિભાગના બાળકાવ્યો ઉપરાંત કક્કો-બારાક્ષરી લક્ષી કાવ્યો, સ્વર-વ્યંજનની સરવાણી - પદ્યરૂપે બધું જ ‘ગમતો ગેલ કરવા દે’ ના વિમોચન પછી લગભગ તરત જ (ઑકટોબર-નવેમ્બર ૨૦૦૪માં) લખાઇ ચૂકેલું. મિત્ર મધુકર ઉપાધ્યાયને તે વંચાવ્યું. બે અલગ પુસ્તકો રૂપે આ રચનાઓનું પ્રકાશન કરવાની માનસિક તૈયારી બાદ તેની સમગ્ર પ્રકારની વ્યવસ્થા, ખર્ચ, વિટંબણા વગેરે વિષે વિચારતાં વાંચકને એક જ પુસ્તકમાં પરસ્પર સંબંધિત બે વિષયો એક સાથે મળે તે આખરી નિષ્કર્મમાં અમને બંનેને તથ્ય જણાયું હતું.

ગીતો લખાયાં પછી મને થયું કે, તેની અભિવ્યક્તિ સંદર્ભે, તેના



લય સંદર્ભે, ભાષાલક્ષી કશુંક ઉમેરાય તો? ને એ ઉમેરણનું કાર્ય ચાલ્યું. શ્રી જયંત કોઠારી લિખિત ‘ભાષા પરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ’, જે મને મધુકરભાઈએ ભેટ આપેલું, તેનાં કેટલાંક પાનાઓ અને ‘ભગવદ્ગોમંડળ’ના અમુક સંદર્ભો મને મારું લેખન ચકાસવમાં, સંશયો દૂર કરવામાં ઉપયોગી નીવડ્યાં. વાંચ્યે જ રાખીએ ને લખ્યે જ જવાનું મન થાય; પણ મારે કશુંક મારી રીતે જ મર્યાદામાં રહીને આપવું હતું. અંગ્રેજી માધ્યમના બાળકો ગુજરાતી કક્કાલક્ષી કાવ્યો સમજી શકે, ગુજરાતી માધ્યમમાં ભણતો ને ભણાવતો, અંગ્રેજીથી પ્રમાણમાં ઓછો પરિચિત વર્ગ અંગ્રેજીનો ઉપયોગ જાણે તે હેતુસર અંગ્રેજી શબ્દ સંદર્ભ પણ સમાવિષ્ટ કર્યો.

માત્ર બાળગીતો જ હોત તો ચિત્રો જરૂર સામેલ હોત, પણ અહીં આશય જૂદો છે. બાળકો પાસે શિક્ષકે જ કશુંક રજૂ કરવાનું છે; બલ્કે પોતે જ રજૂ થવાનું છે. સંપૂર્ણ ખૂલીને, ખીલીને વાતો કરવાની છે, ગીતો ગાવાના છે. ને આવું બધું એ રીતે રજૂ કરવાનુંછે કે બાળકો સમક્ષ ચિત્ર ખડુ થાય. બાળકો કલ્પનાશીલ બને. ગીતો પછી કેટલીક વાતો શિક્ષકે (પોતે અજાણ હોય તો) જાણવાની, કેટલીક જણાવવાની છે. કેવળ શ્રવણલક્ષી આ ભણતર પછી જ આવે કક્કો - બારાક્ષરી લખવા - ઉકેલવાનું ભણતર.

(અનુસંધાન પાના નં. ૭ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૫મી મે**

ફ્રાન્સનો દૃઢ નિશ્ચયી લશ્કરી નેતા નેપોલિયન બોનાપાર્ટનું અવસાન : ૫-૫-૧૮૨૧.

વિશ્વમાં રાજાશાહી નષ્ટ થઇ અને પ્રજાસત્તાક શાહી સ્થિર થઇ તેનું શ્રેય નેપોલિયન બોનાપાર્ટને પાળે જાય છે. તેણે સમગ્ર વિશ્વમાં રાજયસત્તાઓ પલટાવી નાંખવામાં પ્રયાસો કર્યા. જો કે વિશ્વ જીતવાની તેની મહત્ત્વાકાંક્ષા યોગ્ય ન હતી. નજરકેદ હાલતમાં સેન્ટ હેલના ટાપુ પર તેણે જિંદગીના છેલ્લા શ્વાસ લીધા.

- અખંડાનંદ આયુર્વેદ હોસ્પિટલ અને કોલેજોના સ્થાપક ગુર્જરરત્ન મનુભાઇ સુબેદારની જન્મજયંતિ. ઇંગ્લેન્ડમાં બેરિસ્ટર બની ભારત પરત આવવા માત્ર પાંચ લાખના દાનથી અમદાવાદમાં અખંડાનંદ આયુર્વેદિક હોસ્પિટલ શરૂ કરી.
- સામ્યવાદના પ્રણેતા - જર્મન તત્ત્વજ્ઞાની કાર્લ માર્કસનો જન્મદિન.
- આણંદથી પેટલાદ સુધીની ટ્રેન ચાલુ થઇ.
- મીઠાનો કાયદો તોડવા યોજાયેલી



દાંડીકૂચ લડતમાં ગાંધીજીની ધરપકડ થઇ : ૧૯૩૦ ની ૫મી મે.

## ગ્રાહક સુરક્ષા અધિનિયમ - ૧૯૮૬ ની જોગવાઇઓ ‘જાગો ગ્રાહક જાગો’

### વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી, એડવોકેટ

જયારે કોઇ પણ પ્રકારની ચીજવસ્તુઓ અગર સેવામાં ખામી જણાય ત્યારે આવી સેવા અગર ચીજવસ્તુના ખર્ચેલ નાણાનાં વળતર માટે દરેક ગ્રાહક કે સેવા લેનાર વ્યક્તિને વળતર મળવવા હક્ક અધિકાર છે. જે અંગે નીચે મુજબના હક્કો મેળવી શકાય છે.

જિંદગી અને મિલ્કતને જોખમમાં મુકે તેવા માલની વેચાણ સામે રક્ષણ મેળવવાનો દરેક ગ્રાહકને હક્ક છે. ગેરવ્યાજબી વેપાર પધ્ધતિ, લોભામણી, છેતરામણી જાહેરાતો, અયોગ્ય માલ, જથ્થો, ગુણવત્તા, શુધ્ધતા અને પ્રમાણ તેમજ કિંમત જાણવાનો ગ્રાહકોનો હક્ક છે. વસ્તુને કેવી રીતે વાપરવી તેનું તાલીમબધ્ધ પત્રક, સમજણ, વસ્તુ સાથે આપવો જોઇએ.

ગ્રાહકોની ફરિયાદોના ઝડપી - સરળ અને બિન ખર્ચાળ નિકાલ માટે ત્રણ સ્તરીય અર્ધ ન્યાયિક કાર્યવાહી કરવા માટે, નેશનલ સ્ટેટ અને જિલ્લા સ્તરે રાષ્ટ્રીય ગ્રાહક તકરાર નિવારણ કમીશન અને ફોરમની રચના કરવામાં આવેલ છે. એક લાખ કરતાં ઓછા માલના વળતર માટે જિલ્લા ફોરમમાં ફરિયાદ કરવી જોઇએ. ફરિયાદમાં - નામ, સરનામુ, સામા પક્ષકારનું નામ - સરનામું, ખામીવાળા માલ / સેવાનું વર્ણન. નુકશાનને અંદાજિત આંકડો, નુકશાની વાળા માલના કારણો, સેવાના કારણે ઉદ્ભવેલી મુશ્કેલી, તકલીફ બદલ યોગ્ય રકમનું વળતર મેળવી શકાય છે.

વળતરની રકમ તેમજ ફરિયાદના સમર્થનમાં પુરાવા - દસ્તાવેજ તેમજ બીલ - પહોંચની નકલો રજૂ કરી યોગ્ય દાદ માંગતી ફરિયાદ ફોરમમાં દાખલ કરી વળતર માંગી શકાય છે. અગર તો નુકશાનવાળો માલ બદલાવી શકાય છે. તેમજ ફોરમ માલની / સેવાની ખામી દૂર કરવાનો, બદલી આપવાનો, અથવા થયેલ નુકશાન અગર હાનિ માટે વળતર ચૂકવવાનો હુકમ કરી શકે છે. ફરિયાદમાં કોઇ પણ પ્રકારની સ્ટેમ્પ ડયુટી ભરવાની નથી. એફિડેવીટમાં પણ સ્ટેમ્પ પેપરની જરૂર નથી.

ફોરમના ચુકાદા વિરૂધ્ધ ૩૦ દિવસમાં અપીલ ફાઇલ કરવી જોઇએ. અપીલ કરવા માટે વિલંબ થયેલ હોય તો યોગ્ય વ્યાજબી કારણ હોય તો અપીલમાં થયેલ વિલંબ ફોરમ કમીશન માફ કરી અપીલ દાખળ કરી શકે છે. પક્ષકાર વગર વકીલ પણ આવી ફરિયાદ, અપીલ, રીવીઝન કરી શકે છે.

કન્ઝ્યુમર એસોસીએશનની પણ રચના કરવામાં આવે છે. ગ્રાહકોના પ્રશ્નોને વાચા આપવ યોગ્ય સેવા પુરી પાડવા, કાયદાની જાણકારી માટે એસોસીએશનની રચના કરવામાં આવેલ છે. જે માટે કેન્દ્ર સરકારને અરજી કરી ઓછામાં ઓછા ૧૦ સભ્યોની એસો.ની રચના કરી શકાય છે. જે માટે પાંચસો રૂપિયાની ફી ચૂકવવાની થાય છે.

ખાનગી હોસ્પિટલો, ડોકટરો દ્વારા લીધેલ માંદગીની સારવારમાં ખામી હોય તો તે સામે પણ ગ્રાહક સુરક્ષામાં ફરિયાદ દાખલ કરી શકાય છે. ડોકટર કે હોસ્પિટલ ગુનાહીત બેદરકાર ઠરે તો ફોરમ વળતર ચૂકવી શકે છે. સારવાર દરમિયાન મૃત્યુ પામે તો મૃત્યુ પામનારના સગાં, વારસદાર, દ્વારા ફરિયાદ કરી વળતર મેળવી શકાય છે. જેમાં ડોકટરની બેદરકારી સાબિત કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની છે.

ઉત્પાદિત માલમાં ખામી હોય તો, વેચનાર, ઉત્પાદન કરનાર, તથા ડીલર પણ જવાબદાર છે.

‘જાગો ગ્રાહક જાગો’ એ ઉક્તી મુજબ ‘ખરીદનાર ચેતે’, ‘Buyes Bevare’ ના સૂત્ર મુજબ માલ કે સેવા મેળવવી વખતે વ્યક્તિએ માલની ગુણવત્તા, કિંમત તથા સેવાની યોગ્ય ચકાસણી કરી પાકુ બીલ કે પહોંચ મેળવી ત્યારબાદ વસ્તુ કે સેવા મેળવવી જોઇએ.